# અમેરિકી કોન્સુલ જનરલ, મુંબઈ



## થોમસ વાયડા

મુંબઈ સ્થિત અમેરિકન વાણિજ્ય દૂતાવાસ (કોન્સ્યુલેટ)ના નવા કોન્સુલ જનરલ તરીકે થોમસ વાયડાએ 31મી જુલાઈ, 2014થી પદભાર ગ્રહણ કર્યો છે. અમેરિકાના વિદેશ વિભાગમાં 23 વર્ષની કારકિર્દી દરમિયાન કોન્સુલ જનરલ વાયડા રંગૂન, બર્મા (મ્યાનમાર) ખાતે અમેરિકન દૂતાવાસના ડેપ્યુટી ચીફ ઓફ મિશન તરીકે તથા બાલકન્સ, દક્ષિણ કોરિયા અને જર્મની ખાતે ફરજ બજાવી ચૂક્યા છે. વોશિંગ્ટન ડી.સી.માં તેઓ પૂર્વ એશિયાઈ તથા પેસેફિક બાબતો, માનવ સંસાધન, શસ્ત્રો પાછા ખેંચવા અને ઓછા કરવા વગેરે ક્ષેત્રોમાં કાર્યરત હતા. મુંબઈમાં પદભાર સંભાળતા પૂર્વે તેઓ વિદેશ વિભાગમાં મધ્ય-પૂર્વ પ્રદેશને પૂરી પાડવામાં આવતી સહાય બાબતોના ડેપ્યુટી કોર્ડિનેટર તરીકે કાર્યરત હતા. આરબ ક્રાંતિને પગલે મધ્ય-પૂર્વ અને ઉત્તર આફ્રિકાના સંબંધિત પ્રદેશોમાં વિકાસ માટે આપવામાં આવતી સહાય બાબતેનું તેઓ કોર્ડિનેશન કરતા હતા. આ પૂર્વે તેઓ મધ્ય-પૂર્વ અને ઉત્તર આફ્રિકામાં રાજકીય અને આર્થિક સુધારાઓ સંબંધિત મિડલ ઈસ્ટ પાર્ટનરશિપ ઈનિશિએટિવના ડિરેક્ટર તરીકે પણ ફરજ બજાવી ચૂક્યા છે.

કોન્સુલ જનરલ વાયડાએ સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાંથી સ્નાતક અને ફ્લેચર સ્કૂલ ઓફ લો એન્ડ ડિપ્લોમસીમાંથી અનુસ્નાતકની ડિગ્રી હાંસિલ કરી છે.

કોન્સુલ જનરલના પરિવારમાં તેમના પત્ની એમી સેબેસ અને તેમની બે દીકરીનો સમાવેશ થાય છે.